અપીલ અરજી નં.૨૯૧ તા.૫–૧–૦૯

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭–૧૧–૦૮ની અરજીથી રીંગરોડ સ્થિત સેન્ટર પોઈન્ટના ગ્રાઉન્ડ ફલોર પર બનેલ અન્ય રેસ્ટોરન્ટ બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૯૧/૨૦૦૮–૦૯

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭–૧૧–૦૮ની અરજીથી રીંગરોડ સ્થિત સેન્ટર પોઈન્ટના ગ્રાઉન્ડ ફલોર પર બનેલ અનન્ય રેસ્ટોરન્ટ બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ની માહિતી આપવામાં આવેલ છે જયારે મુદ્દા નં.૧,૨ અને ૪ ની માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૭૦ તા.૧૫–૧–૦૯ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ /આ.નં.૧૩૦૨ તા.૨૩–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં માંગવામાં આવેલી માહિતી અંગે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૦૨૫ તા.૨૯–૧૧–૦૮ થી ટાઉન પ્લાનરશ્રી (શહેર વિકાસ)ને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ. જયારે નગર નિયોજક અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી નં.ટીડીઓ/૩૭૮૭ તા.૧૫–૧૨–૦૮ થી આરોગ્ય અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારીને મુદ્દા નં.૧,૨ તથા મુદ્દા નં.૪ ની અંશતઃ માહિતી અંગે અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ. અરજદારના મુદ્દા નં.૩ પૈકીની અંશતઃ માહિતી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ટીડીઓ/૩૮૫૭ તા.૧૮–૧૨–૦૮ થી અરજદારને પૂરી પડાયેલ છે. જે મુજબ પગથીયાની નીચેની કેબીન અંગે અત્રેના વિભાગ ધ્વારા કોઈ પરમીશન આપેલ નહીં હોવાનું તથા તે અંગે કોઈ કાર્યવાહી કરેલ નહીં હોવાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૧,૨ તથા મુદ્દા નં.૪ ની અંશતઃ માહિતી શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન કક્ષાએથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૬૪ તા. ૨૦–૧–૦૯ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે લાયસન્સની નકલની માંગણી કરેલ છે જેમાં ગુમાસ્તાધારા લાયસન્સની નકલ શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ રૂલ્સ ૧૯૬૩ નાં નિયમ–૬ અથવા નિયમ–૮ મુજબની નકલ માલિક સિવાય અરજદારને આપી શકાય નહીં તેવું અરજદારને જણાવેલ છે જયારે નોટીસ નં.૪૯/૦૮–૦૯ તા.૧–૧૨–૦૮ થી આરોગ્ય લાયસન્સ અંગે બીપીએમસી એકટ ૩૭૬ (૧) મુજબ પરવાનો મેળવવા દિન–૭ ની નોટીસ પાઠવેલ છે. જયારે ફુડ લાયસન્સનો નંબર પુરો પાડેલ છે પરંતુ નકલ પૂરી પાડેલ હોય તેવું જણાતું નથી.

આરટીઆઈ કાયદાની કલમ–૨૨ અનુસાર અમલી અને વખતોવખત સુધારેલ કાયદા નિયમની જોગવાઈ ઉપર આરટીઆઈ કાયદાનું પ્રભુત્વ રહેશે. તેવી જોગવાઈ ધ્યાને લેતાં બીજા કાયદામાં નકલ અંગે ગમે તે જોગવાઈ હોય છતાં આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ અને ૧૧ ના અપવાદની મર્યાદામાં આ કાયદા હેઠળ કલમ–૨ (એફ) અને ૨ (જે) અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અને નિયંત્રણ હેઠળના દસ્તાવેજોની નકલ આપવી રહે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ફુડ લાયસન્સ તથા ગુમાસ્તા નોંધણી પ્રમાણપત્રની નકલ પૈકી દફતરે ઉપલબ્ધ નકલો જરૂર જણાયે કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૧૫ માં પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ